Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

# CIMS News Care & Cure

Volume-10 | Issue-107 | June 25, 2019

Price : ₹ 5/-

## અંદરના પાને...

- લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ ક્લોઝર
- બાળકોમાં હૃદયની તકલીફોની જાણકારી હાર્ટ સર્જરી વગર સારવાર – કેથેટર આધારિત ઈન્ટરવેન્શન
- મોટા આંતરડા અને મળમાર્ગના કેન્સરની લેપ્રોસ્કોપી (કી-હોલ) સર્જરી દ્વારા સારવાર
- પ્યુબર્ફોનિયા



CIMS News
Care & Cure
Volume-10 | Issue-107 | June 25, 2019

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices


# લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ ક્લોઝર

લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ કલોઝર એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા તમારા લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ ના મુખ ને બંધ કરવા માં આવે છે.

**લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ કલોઝર શું છે ?**

લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ કલોઝર એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા તમારા લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ ના મુખ ને બંધ કરવા માં આવે છે. તમારું લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ એક નાની કોથળી જેવું છે, જે વિન્ડસોક (શંકવાકાર જેવું મોટું કાપડ નું બનેલું મોજું જે પવન ની દિશા અને ગતિ ને જાણવા માટે ની મૂળભૂત માર્ગદર્શિકા છે) જેવા આકાર નું હોય છે, અને તમારા હૃદય ની ઉપર ની ડાબા બાજુ એ (લેફ્ટ એટ્રિયમ / ડાબું કર્ણક) જોવા મળે છે. તમારા એપેન્ડિકસ (આંત્રપુચ્છ) ની જેમ, તમારા લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ નું પણ તમારા શરીર માં કોઈ ખાસ કાર્ય નથી.

**આ નીચે ના ચિત્ર માં લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ કલોઝર દર્શાવવા માં આવ્યું છે**




**લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ કલોઝર, કલોઝર ડિવાઇસ**
**લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ**

**મને લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ કલોઝર ની પ્રક્રિયા કરાવવા ની જરૂર કેમ છે ?**

તમારા ડોક્ટર તમને આ લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ કલોઝર ની પ્રક્રિયા કરાવવા ની સલાહ આપી શકે છે જો તમને એટ્રિયલ ફિબ્રિલેશન નામ ની બીમારી હોય - જે તેવી સ્થિતી માં થાય છે જ્યારે તમારા હૃદય ની ઇલેક્ટ્રિકલ સિસ્ટમ (વિદ્યુતીય પ્રણાલી) વિક્ષેપિત હોય છે અને તેના કારણે તમારા ધબકારા અનિયમિત થાય છે.

દરેક ધબકારા સાથે જ્યારે તમારું હૃદય સકોચન પામે છે, ત્યારે રક્ત / લોહી તમારા લેફ્ટ એટ્રિયમ (ડાબા કર્ણક) માં થી દબાણ સાથે બહાર નીકળે છે અને લેફ્ટ વેંટ્રિકલ (ડાબા ક્ષેપક) માં વહે છે. જો તમને એટ્રિયલ ફિબ્રિલેશન ની તકલીફ હોય, તો રક્ત / લોહી લેફ્ટ તમારા એટ્રિયમ (ડાબા કર્ણક) માં થી અસરકારક રીતે દબાણ સાથે નીકળી શકતું નથી, તે કારણોસર રક્ત / લોહી તમારા લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ માં એકત્રિત થઈ શકે છે અને તમને સ્ટ્રોક (મગજ નો હુમલો) આવવા ની સંભાવના માં વધારો કરે છે.

રક્ત / લોહી ની પાતળું કરે તેવી દવાઓ એટ્રિયલ ફિબ્રિલેશન ની તકલીફ માટે ની સામાન્ય સારવાર છે પણ તેઓ બધા માટે યોગ્ય નથી. જો તમે ન દવાઓ લઈ શકો તેમ હો, તો તમારા ડોક્ટર તમારા લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ ના મુખ ને બંધ કરવા માટે સર્જરી (ઓપરેશન) ની સલાહ આપશે.

**લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ કલોઝર ની પ્રક્રિયા કરાવવા માટે મારે શું તૈયારી કરવા ની જરૂર છે ?**

તમે તમારી લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ કલોઝર ની પ્રક્રિયા કરાવવા માટે નીચે ના પ્રથમ પગલાં થી શરૂઆત કરશો :

- **ટ્રાન્સઇસોફેગલ ઇકોકાર્ડિયોગ્રામ (TOE) કરાવી ને** - તમારા ડોક્ટર તમારા હૃદય ની અલ્ટ્રાસાઉન્ડ છબીઓ લેવા માટે નું આયોજન કરશે એ ખાતરી કરવા માટે કે તમારી સર્જરી (ઓપરેશન) શરૂ થાય તે પહેલા તમારા હૃદય માં રક્ત / લોહી ના કોઈ ગઠ્ઠાઓ નથી.
- **તમારી સામાન્ય દવાઓ લેવા ની બાબત અંગે તમારા ડોક્ટર ને પૂછી ને**
- **ખાવા નું અથવા પીવા નું ટાળી ને** પ્રક્રિયા ના શરૂ થવા ના ઓછા માં ઓછા છ કલાક પહેલા થી.

તમારી પ્રક્રિયા શરૂ થાય તે પહેલા, તમને શરીર પર ના કોઈ પણ પ્રકાર ના ઘરેણાં કાઢવા માટે અને હોસ્પિટલ નો ગાઉન પહેરવા માટે કહેવા માં આવશે.

**લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ કલોઝર ની પ્રક્રિયા દરમ્યાન શું થાય છે ?**

લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ કલોઝર ની પ્રક્રિયા માટે બે વિકલ્પો છે : પર્ક્યુટેનિયસ અને સર્જરી.

**પર્ક્યુટેનિયસ પ્રક્રિયા**

પર્ક્યુટેનિયસ રિપેર નો અર્થ એ છે કે તમારા લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ ને સર્જરી (ઓપરેશન) કરવા ની જરૂર વગર તમારી ત્વચા દ્વારા જ બંધ કરી શકાય છે. આ પ્રક્રિયા કેથ લેબ માં કરવા માં આવે છે, અને સંપૂર્ણ પ્રક્રિયા દરમ્યાન તમે હાર્ટ મોનિટર્સ (હૃદય ના ગતિવિધિઓ વિષે માહિતી આપતા યંત્રો) થી જોડાયેલ હશો.

પર્ક્યુટેનિયસ પ્રક્રિયા દરમ્યાન :

- તમને દવા આપવા માટે તમારા હાથ માં એક કેન્યુલા (સોય વાળી પ્લાસ્ટિક ની પાતળી લચીલી નળી) લગાવવા માં આવશે.
- જે જગ્યા એ થી પ્રક્રિયા કરવા ની હોય તે જગ્યા ને બહેરી પાડવા માટે લોકલ એનેસ્થેટિક - અથવા જનરલ એનેસ્થેટિક આપવા માં આવી શકે છે - જેથી કરી ને તમે કોઈપણ અગવડતા ન અનુભવો.
- એક પાતળાં કેથેટર (પ્લાસ્ટિક ની પાતળી લચીલી નળી) ને હળવેક થી તમારા ગ્રોઇન (સાથળ નું મૂળ) માં અંદર નાખવા માં આવે છે અને તેને ધીમે ધીમે તમારા હૃદય સુધી, હૃદય ની જે દીવાલ તેના ડાબી અને જમણી બાજુ ને અલગ કરે છે, તેમાં થી માર્ગદર્શિત કરવા માં આવે છે.
- એકસ-રે, એકસ-રે ની ડાઈ અને ઇકોકાર્ડિયોગ્રામ ના ઉપયોગ વડે, તમારા લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ ના મુખ પાસે એક ડિવાઇસ (ઉપકરણ) ની ગોઠવી ને તેને ખોલવા માં આવે છે (આ એપેન્ડેજ ના બુચ અથવા "પ્લગ" તરીકે કાર્ય કરે છે અને તેમાં રહેલ લોહી ના ગઠ્ઠાઓ ને તેમાં થી બહાર નીકળવા થી અટકાવે છે).
- ડિવાઇસ (ઉપકરણ) ને તેની જગ્યા એ સ્થાપિત કર્યા પછી કેથેટર ને કાઢી લેવા માં આવે છે અને ડિવાઇસ ત્યાં તેની જગ્યા એ રહે છે. સમય જતાં, પેશું નું એક પાતળું પડ વધી ને ડિવાઇસ ના સપાટી ને આવરી લેશે.

જો તમને એટ્રિયલ ફિબ્રિલેશન ની તકલીફ હોય અને તેના માટે હૃદય ની સર્જરી કરાવવા ના જ હો, તો તમારા ડોક્ટર તમારા લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ માટે પણ સર્જરી કરાવવા ની સલાહ આપી શકે છે.

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

CIMS News
Care & Cure
Volume-10 | Issue-107 | June 25, 2019

**સર્જીકલ પ્રક્રિયા**

જો તમને એટ્રિયલ ફિબ્રિલેશન ની તકલીફ હોય અને તેના માટે હ્રદય ની સર્જરી કરાવવા તા જ હો, તો તમારા ડોક્ટર તમારા લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ ના મુખ ને બંધ કરવા માટે સર્જરી કરાવવા ની સલાહ આપી શકે છે.

લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ ક્લોઝર ની પ્રક્રિયા કરાવવા ના જોખમો શું છે ?

આની કોઈ સર્જરી (ઓપરેશન) ની જેમ, લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ ક્લોઝર ની પ્રક્રિયા સાથે પણ અમુક જોખમો સંકળાયેલા છે. તેઓ માં થી અમુક જોખમો નીચે પ્રમાણે હોય શકે છે :

- અપૂર્ણ રીતે બંધ થયેલ લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ નું મુખ
- ડિવાઇસ નું તેની જગ્યા એ થી ખસી ને નીકળી જવું
- ડિવાઇસ ઉપર લોહી ના ગઠ્ઠાઓ જામવાં
- ડિવાઇસ અને દવાઓ પ્રત્યે એલર્જીક પ્રતિક્રિયા
- હ્રદય ના અનિયમિત ધબકારા, જેને એરિથમિયા કહેવાય છે.
- લીમામા થવા / ઉઝરડા પાડવા
- લોહી નીકળવું,ચેપ લાગવો, સ્ટ્રોક (મગજ નો હુમલો)
- આ પ્રક્રિયા દરમ્યાન તેના કારણે મૃત્યુ થવી, જેવું ભાગ્યે જ થાય છે

તમે સર્જરી (ઓપરેશન) માટે સંમતિ આપો તે પહેલાં તમારા ડોક્ટર તમને વિગતવાર જોખમો વિષે સમજાવશે - અને તમને તમારી મેડિકલ ટીમ સાથે કોઈપણ પ્રશ્નો ના વિષે અથવા તમારી કોઈ ચિંતાઓ ના વિષે ચર્ચા કરવા માટે પ્રોત્સાહિત કરવા માં આવે છે. તમારા ડોક્ટર તમને, તમે સર્જરી કરાવો તે પહેલા સંમતિ ફોર્મ પર સહી કરવા માટે કહેશે.

**લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ ક્લોઝર ની પ્રક્રિયા કરાવ્યા ની પછી શું થાય છે ?**

તમારી પ્રક્રિયા પૂરી થાય તે પછી, તમારી દેખરેખ રાખવા માટે અને તમારા સ્વાસ્થ્ય નું અવલોકન કરવા માટે તમને કાર્ડિયાક રૂમ માં રાખવા માં આવશે. ત્યાં, તમારા ડોક્ટર, તમારે કેટલા દિવસ હોસ્પિટલ માં રહેવા ની જરૂર છે અને જો તમે કોઈ રક્ત /લોહી પાતળું કરવા ની દવાઓ લેવા ની જરૂર છે કે નહીં, તે નક્કી કરી શકશે. લેફ્ટ એટ્રિયલ એપેન્ડેજ નું મુખ બંધ થઈ ગયું છે કે નહીં તેની ખાતરી કરવા માટે તમારે ફોલો-અપ TOEs (ટ્રાન્સઇસોફેગલ ઇકોકાર્ડિયોગ્રામ) કરાવવા ની જરૂર પડી શકે છે.

જો તમને કોઈ ચિન્હો અથવા લક્ષણો નો સતત અનુભવ થતો હોય જે તમને ચિંતા નો અનુભવ કરાવે, તો તમારા ડોક્ટર સાથે મુલાકાત લો.

**સૌજન્ય**

**ડૉ. અજય નાયક**
MD, DM, DNB, FACC, FHRC
**કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ**
**મો. +91-98250 82666**
ajay.naik@cims.me

## બાળકોમાં હ્રદયની તકલીફોની જાણકારી હાર્ટ સર્જરી વગર સારવાર - કેથેટર આધારિત ઈન્ટરવેન્શન

બાળકોમાં હ્દયરોગની તકલીફ અથવા કોન્જેનિટલ હાર્ટ ડિસીઝ (સીએચડી) એ મોટા ભાગે જન્મથી હ્રદયની બનાવટમાં ખોડખાંપણ હોય છે. બાળકોમાં સામાન્ય રીતે જોવા મળતી હ્રદયની બીમારીઓમાં હ્રદયમાં છિદ્રો હોવા, વાલ્વને લગતી સમસ્યા અથવા રક્તની ધમનીઓ સાંકડી બની જવાની સમસ્યા સામેલ છે.

હ્રદયની ગંભીર ખામીઓમાં સર્જરીથી સુધારા કરવાની જરૂર પડે છે કારણ કે તે બાળકની વૃદ્ધિ અને વિકાસમાં મોટી સમસ્યા પેદા કરી શકે છે. હ્રદયને લગતી કેટલીક સમસ્યાઓના ઉકેલ માટે વૈકલ્પિક વિકલ્પ તરીકે કેથેટર આધારિત ઇન્ટરવેન્શનનો સમાવેશ થાય છે. સાદા શબ્દોમાં કહીએ તો તે કોરોનરી આર્ટરી સંબંધિત તકલીફો ધરાવતા પુખ્ત વયના દર્દીઓમાં એન્જિયોપ્લાસ્ટી કરવા સમાન છે. કેથેટર ઇન્ટરવેન્શન વિશે કેટલીક મહત્ત્વની માહિતી તમને દર્દીઓ દ્વારા મોટા ભાગે પૂછવામાં આવતા સરળ પ્રશ્ન અને જવાબના સ્વરૂપે આપવામાં આવી છે.

**બાળકોમાં એન્જિયોપ્લાસ્ટી અથવા કેથેટર આધારિત ઇન્ટરવેન્શન શું છે?**

તે એક ઇનવેઝિવ પ્રોસિઝર છે જેમાં હ્રદય સુધી લોહી જતી ધમનીઓમાં કાણું પાડીને તેના દ્વારા સ્પેશિયલ ટ્યુબ અથવા કેથેટરનો ઉપયોગ કરીને હ્રદય સુધી પહોંચવામાં આવે છે. તે પગ, હાથ અથવા ગરદનની લોહીની ધમનીઓ મારફત કરવામાં આવી શકે છે. ટેકનોલોજીમાં



પ્રગતિ અને વધતા અનુભવની સાથે આ પ્રોસિઝર માત્ર ૨ થી ૩ કિલો વજન ધરાવતા નવજાત શિશુઓમાં પણ સુરક્ષિત રીતે કરી શકાય છે.

**જન્મથી થતી હૃદયની સમસ્યાઓ માટે સારવારની વિવિધ પદ્ધતિઓ કઇ છે?**

આ પદ્ધતિ માટે કેટલાક વિકલ્પો ઉપલબ્ધ છે.



ડિવાઇસ ક્લોઝરઃ ડિવાઇસ (ઉપકરણો) વિશેષ સામગ્રીમાંથી બનાવવામાં આવે છે જેને હ્રદયમાં ખોલવામાં આવે ત્યારે તે તેનો આકાર ફરીથી મેળવે છે. તે હ્રદયના વિભાગોમાં છિદ્રો બંધ કરવા માટે અને બિનજરૂરી રક્ત ધમનીઓ બંધ કરવા માટે ઉપયોગમાં લેવાય છે. આ ડિવાઇસ સામાન્ય રીતે પગમાંથી રક્તની ધમનીમાં દાખલ કરવામાં આવેલ વિશેષ ટ્યુબ મારફત પ્રવેશ કરાવવામાં આવે છે.

**બલૂન એન્જિયોપ્લાસ્ટીઃ** મોટા ભાગની એન્જિયોપ્લાસ્ટી સાંકડા થઇ ગયેલા વાલ્વ અથવા લોહીની ધમનીઓ માટે વપરાય છે. તે સરળ બલૂન છે જે ઉચ્ચ દબાણનો ફુલાવો સહન કરી શકે છે અને તેના માટે ડિઝાઇન કરવામાં આવેલી નાની ટ્યુબ અને વાયર દ્વારા હ્રદય સુધી પહોંચી શકે છે.

સ્ટેન્ટ પ્લેસમેન્ટઃ આ પદ્ધતિમાં આપણે કેટલીક ઇરછનિય ધમનીઓ ખુલ્લી રાખીએ છીએ જેનાથી હ્રદયમાં લોહીનો આવશ્યક પૂરવઠો મેળવી શકાય છે.

CIMS News
Care & Cure
Volume-10 | Issue-107 | June 25, 2019



**આ પ્રોસિઝર કેટલી સુરક્ષિત છે?**

મોટા ભાગના સંજોગોમાં કાર્ડિયાક કેથેટરાઇઝેશન ઘણું સુરક્ષિત માનવામાં આવે છે. મોટા ભાગની પ્રોસિઝર ઘણી વ્યવસ્થિત આયોજિત હોય છે અને નિયંત્રિત વાતાવરણમાં કરવામાં આવે છે. સામાન્ય રીતે સારવાર કરનાર પિડિયાટ્રિક કાર્ડિયોલોજિસ્ટ તમને કોઇ પણ પ્રોસિઝર કરતા પહેલા તેની સાથે સંકળાયેલી સમસ્યાઓ વિશે માહિતગાર કરશે.

**લાંબા ગાળે શું પરિણામ આવશે? થોડા સમય પછી ફરીથી આ પ્રોસિઝર કરવાની જરૂર પડશે?**

મોટા ભાગની સુધારાત્મક કેથેટર ઇન્ટરવેન્શનલ પ્રોસિઝરથી કાયમી ઇલાજ થઇ જાય છે. ઉદાહરણ તરીકે યોગ્ય રીતે પસંદ કરવામાં આવેલા કેસમાં હ્રદયમાં છિદ્ર પૂરવાથી કાયમી ઉકેલ આવી જાય છે. મોટા ભાગના દર્દીઓને સુરક્ષાની ખાતરી કરવા માટે સમયાંતરે મૂલ્યાંકનની જરૂર પડે છે. હ્રદયમાં કેટલાક કાપા (ખાસ કરીને ડાબી બાજુના અવરોધમાં) ફરીથી પેદા થતા હોય છે. પિડિયાટ્રિક કાર્ડિયોલોજિસ્ટ આ પ્રોસિઝર કરતા પહેલા આ બીમારીની લાંબા ગાળાની સારવાર વિશે વાત કરશે.

**ઓપન હાર્ટ સર્જરીની સરખામણીમાં ફાયદા કયા છે?**


ચોક્કસપણે, કેથેટર આધારિત ઇન્ટરવેન્શન પ્રોસિઝરના ફાયદા સર્જિકલ પ્રોસિઝર કરતા વધારે છે. ૧) સર્જરીની સરખામણીમાં તેમાં ઓછી વાઢકાપ કરવી પડે છે, તેથી વાઢકાપના નિશાન (સ્કાર) રહેતા નથી, ઓછી પીડા થાય છે અને હોસ્પિટલમાં ઓછો સમય રોકાવું પડે છે. ૨) આ પ્રોસિઝર દરમિયાન સામાન્ય સર્ક્યુલેશન અને હૃદયની કામગીરી સામાન્ય રહે છે તેથી શરીરની સામાન્ય પ્રક્રિયા ઝડપથી રિકવર થાય છે.

**આ ઉપકરણ દ્વારા તમામ છિદ્રો પૂરવાનું શક્ય છે (સર્જરી વગર)?**

ના. હૃદયના વાલ્વ અને લોહીની ધમનીઓ નજીકના ચોક્કસ છિદ્રો સર્જરી વગર પૂરી શકાતા નથી કારણ કે તેનાથી હૃદયના વાલ્વને નુકસાન થવાનું જોખમ રહે છે. તમારા પિડિયાટ્રિક કાર્ડિયોલોજિસ્ટ તમને પ્રોસિઝરની પસંદગી તથા તેની સુરક્ષા વિશે તમને માર્ગદર્શન આપશે. ટૂંકમાં કહીએ તો હૃદયની ખામી ધરાવતા બાળકોમાં કેથેટર આધારિત ઇન્ટરવેન્શન અને એન્જિયોપ્લાસ્ટી યોગ્ય કેસમાં અસરકારક સારવારનો વિકલ્પ છે.

સૌજન્ય
**ડો. કશ્યપ શેઠ**
MD, DNB, FNB
પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ અને ઇન્ટરવેન્શનાલીસ્ટ
(મો) +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮
Email: kashyap.sheth@cims.me

## મોટા આંતરડા અને મળમાર્ગના કેન્સરની લેપ્રોસ્કોપી (કી-હોલ) સર્જરી દ્વારા સારવાર



Anatomy of Colon

એક ૫૨ વર્ષના પુરૂષનું છેલ્લા ત્રણ વર્ષમાં ૮ કિલો જેટલું ઓછું થઇ ગયું હતું ભૂખમાં ઘટાડો થયો હતો અને ઝાડામાં લોહી આવતું હતું. સ્વાભાવિક રીતે જ્યારે દર્દીને આવી સમસ્યા તો સૌ પ્રથમ તે પોતાના ફેમીલી ડોકટરને બતાવે આ વ્યકિત પણ પોતાના ફેમીલી ડોકટર પાસે ગયા. અને ડોકટરે મસા છે તેમ જણાવ્યું અને તેની સારવાર ચાલું કરી દર્દીને તે દવાથી સારૂ ન થતા દર્દી સર્જ પાસે ગયા. પેટની તપાસ અને પ્રોસ્ટોકોપીથી ગુદાની તપાસ કર્યા બાદ દર્દીને મસા છે એવું નિદાન કરવામાં આવ્યું અને દર્દીને રોગના લક્ષણોમાં કોઇ સુધારો ન જણાતાં પાઇલ્સની સર્જરી કરાવવાની દર્દીને સલાહ આપવામાં આવી.સર્જરી કરાવવા છતાં તેઓને ઝાડામાં લોહી આવતું હતું ત્યારબાદ દર્દી અન્ય ડોકટર પાસે ગયા અને ડોકટરે દર્દીને ટેબ્લેટના સ્વરૂપમાં સારવાર આપી. પરંતું દર્દીની સમસ્યાનું કોઇ નિરાકરણ થયું નહી. અને દર્દીને સર્જરી કરાવી હોવા છતાં કોઇ સમાધાન મળ્યું ન હોવાથી દર્દી માટે ઘણી નિરાશાજનક પરિસ્થિતી બની ગઈ હતી. જ્યારે કોઈને ઝાડામાં લોહી આવતું હોય ભલેને તે લોહી ઓછી માત્રામાં હોય તો પણ તે ઘણી ચિંતાજનક બાબત છે. મોટાભાગના લોકોને ગેરસમજ હોય છે કે ઝાડામાં લોહી પડે એટલે પાઇલ્સ હોય. પછી ડો. મનીષ ગાંધી (સર્જીકલ ગેસ્ટ્રોલોજીસ્ટ) દ્વારા સારવાર કરાયેલા એક દર્દીએ ડો. મનીષ ગાંધીને મળવા જણાવ્યું. ડો.મનીષ ગાંધી પશ્ચિમ ભારતમાં લાયકાત ધરાવતા થોડા સર્જીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટમાંથી એક છે. તેઓ દક્ષિણ ભારતની નામાંકિત હોસ્પિટલમાં ૬ વર્ષ તાલીમ પામેલ છે. ડો. ગાંધી ને સર્જીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલોજીના ક્ષેત્રમાં ૧૩ વર્ષ જેટલો અનુભવ છે. તેઓએ ભારતના વિવિધ ભાગોમાં અને દક્ષિણ કોરીયામાં પણ સર્જીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલોજી, હિપેટોબીલીયરી સર્જરી અને લિવર ટ્રાન્સપ્લાન્ટેશન માટે તાલીમ પાસ કરી છે. ડો. ગાંધીએ રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કોન્ફરન્સમાં ઘણાં પેપર્સ પ્રસ્તુત કર્યા છે. તેઓને બેસ્ટ પેપર એવોર્ડ આપવામાં આવેલ છે. ડો. ગાંધીએ ડો.એન.બી ની તાલીમ દરમ્યાન ક્રોનીક પેન્ક્રીઆટ્રીટીસ ના દર્દીઓના જીવનમાં સંશોધન કાર્ય પુરૂ કરેલ છે. કે જે વિશ્વમાં આ પ્રકારનું સૌ પ્રથમ કાર્ય છે. તેઓ એકયુટ અને ક્રોનીક પેન્ક્રીઆટ્રીટીસ સર્જરી, મુખ્ય અને જટીલ લિવર સર્જરી, પોર્ટલ હાઇપર ટેન્સન સર્જરી, પિત્તનળીની સર્જરી,એસિડ પીવાથી થયેલ ઇજાની સર્જરી અનેક ગેસ્ટ્રોઇન્સસ્ટેટીન્સ

CIMS News
Care & Cure
Volume-10 | Issue-107 | June 25, 2019

કેન્સર માટે સર્જરી જેવી કે અન્નનળી તથા હોજરીના કેન્સર ની સર્જરી,પિત્તાશય તથા સ્વાદુપિંડ ના કેન્સરની સર્જરી, મોટા આંતરડા તથા મળાશયના કેન્સરની સર્જરી, આ બધી ઓપન સર્જરી ઉપરાંત તેઓ એડવાન્સ લેપ્રોસ્કોપીક (કિ-હોલ) સર્જરી જેવી કે હાયેટસ હર્નિયા, બરોળ કાઢવાળી અલ્સરેટીવ કોલાયટીસ માટે પાઉચ સર્જરી, પેટના કેન્સરની સર્જરી અને ખાસ કરીને અન્નળી, મોટા આંતરડા તથા મળાશય ના કેન્સરની સર્જરીમાં પણ નિષ્ણાત છે.

ઉપર જણાવેલ દર્દીની હોસ્પિટલમાં કોલોનોસ્કોપી અને પેટનું સી.ટી સ્કેન કરવામાં આવ્યું અને મળાશયના કેન્સરનું નિદાન કરવામાં આવ્યું. હાલમાં જ્ઞાન અને આંતરરાષ્ટ્રીય ધોરણ અનુસાર સર્જરી એ ચોકકસ સારવાર છે. તેમ છતાં તેમને સર્જરી પહેલાં શેક(રેડીયેશન) અને કિમોથેરાપી ની સલાહ આપવામાં આવી કે જે ભવિષ્યમાં તે જ જગ્યાએ ફરી કેન્સર થતું રોકે છે. શેક(રેડીયેશન) અને કિમોથેરાપીના બે ડોઝ પૂર્ણ થયાના ૪ અઠવાડિયા બાદ સી.ટી. સ્કેન કરવામાં આવ્યું જેણે રોગ ઘટયો છે તેવું નોધ્યું. અને દર્દીના રોગના લક્ષણોમાં સુધારો જોવા મળ્યો. સંપૂર્ણ તપાસ બાદ લેપ્રોસ્કોપીક( (કિ-હોલ) સર્જરીથી જ મળાશય કાઢવાનું તથા જોડાણ કરવાનું સંપૂર્ણ ઓપરેશન કરવામાં આવ્યું. ઓપરેશન પછી દર્દીને ફકત એક જ દિવસ આઈ.સી.યું માં રાખવામાં આવ્યા. અને તેમને ખૂબ જ ઓછા પ્રમાણમાં દુખાવાની જરૂર પડી. બીજા દિવસે તેઓ હરતાં-ફરતાં થઈ ગયા. અને કોઈપણ પ્રકારની મુશ્કેલી વિના તેઓને પાંચમા દિવસે તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી. વર્ષો પહેલાં આ સર્જરીમાં ગુદા દૂર કરી પરમેનન્ટ સ્ટોમા (કૃત્રીમ મળમાર્ગ) વિના થઈ શકે છે. કેટલાક દર્દી ઓમાં ટેમ્પરરી સ્ટોમાની જરૂર પડે છે.આ કિસ્સામાં ૬-૮ અઠવાડીયા પછી બંધ કરવામાં આવ્યો પછી પછી દર્દી ગુદા માર્ગે સામાન્ય ઝાડા કરી શકશે. બે વર્ષ પહેલા અને હાલમાં પણ કેટલાંક કેન્દ્રોમાં આ સર્જરી ઓપન પધ્ધતિ થી કરવામાં આવે છે. પરંતુ ઓપન સર્જરીમાં વ્યાપક અનુભવ અને એપ્રોસ્કોપીમાં એડવાન્સ્ડ સ્કીલને કારણે અમે તે સરળતાથી કરી શકીએ છીએ. ડો. ગાંધી સીમ્સ હોસ્પિટલ ખાતે નિયમિતપણે આ પ્રકારના ઓપરેશન કરે છે. લેપ્રોસ્કોપીની સર્જરીમાં ઓપન સર્જરી કરતાં ઓછો દુખાવો, હોસ્પિટલમાં ઓછું રોકાણ, ઝડપી રીકવરી , નિશ્ચિત કામકાજ શરૂ કરવું અને કોસ્મેટીક ની દ્રષ્ટીએ સારૂ જેવા વિવિધ ફાયદા છે.

**સૌજન્ય**

**ડૉ. મનીષ ગાંધી**
MS, DNB (Surgical Gastroenterology)
**સર્જીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ, એચ.પી.બી અને ગેસ્ટ્રોઈન્ટેસ્ટાઈનલ કેન્સર સર્જન**
(મો) +૯૧-૯૦૯૯૬ ૫૫૭૫૫
Email: manish.gandhi@cimshospital.org

## પ્યુબર્ફોનિયા

આપણો અવાજ એ લગભગ આપણે જાણીએ છીએ તેવા સૌથી સર્વતોમુખી "સાધનો" માં થી એક છે. તે ગાળા માં રહેલ વોકલ ફોલ્ડ્સ, કે જેઓ ને વોકલ કોર્ડ્સ પણ કહેવાય છે, તેના કંપન થી પરિણમે છે અને તે માટે ની ઊર્જા ના સ્ત્રોત તરીકે તે શ્વાસ ને બહાર કાઢવા ની પ્રક્રિયા પર આધાર રાખે છે. આપણા વોકલ ફોલ્ડ્સ લેરિંક્સ (સામાન્ય રીતે જેને કંઠસ્થાન કે સ્વર પેટી તરીકે ઓળખવા માં આવે છે) માં સ્થિત હોય છે, જે વાયુનળી (ટ્રેકીયા) ની ઉપર ના ભાગ માં આવેલ છે અને લવચીક ગતિશીલતા ધરાવે છે જે આપણા માટે, આપણી ભૂમિકા, સંચાર કાર્ય અથવા જરૂરિયાત મુજબ વિવિધ અવાજો ઉત્પન્ન કરવા નું સંભવ બનાવે છે.

આપણે સૌ એક અનન્ય અવાજ સાથે જનમ્યા છીએ અને તેનું મુખ્ય કારણ છે આપણા પોતા ના અવાજ ના સાધન ના કારણે, જેમાં સમાવેશ થાય છે, વાયુનળી ની લંબાઈ, વોકલ ફોલ્ડ્સ, આપણા અવાજ નો પડઘો પાડતા ખંડો ના આકાર, અને આપણુ મુખ. સમજ માં ન આવ્યું ? ઠીક છે, ગુફાઓ વિષે વિચારો ! આના કારણે આપણ ને દરેક ને, આપણે કુદરતી રીતે આપણા અવાજ કેવી રીતે ઉત્પન્ન કરીએ છીએ, તેમાં સંપૂર્ણ રીતે અનન્ય બનાવે છે. ઘણી વાર આને કુદરતી અથવા મહત્તમ અવાજ કહેવાય છે.

### શું તમારો અવાજ એક મરઘી ના બચ્ચા જેવો લાગે છે ?

મોટે ભાગે, એક છોકરા ના અવાજ નો સ્વર, તે તરુણાવસ્થા ની ઉંમર માં પહોંચે ત્યારે, ઘટી જાય છે કારણ કે તેના લેરિંક્સ (સ્વર પેટી) વૃદ્ધિ ના તબકકા માં થી પસાર થાય છે. લેરિંક્સ (સ્વર પેટી) મોટાં થઈ જાય છે, જ્યારે વોકલ ફોલ્ડ્સ લાંબા અને જાડાં થાય છે. તેમ છતાં, સામાજિક પ્રભાવ અથવા જરૂરિયાત માં થી ઉદ્ભવેલા આપણા આસપાસ ના અનન્ય અનુભવો ના કારણે, આપણે એક ખાસ પ્રકાર ના અવાજ ની પસંદગી કરી ને તેને ઘણા ઘણા વર્ષો સુધી ઉપયોગ કરીયે છીએ. આજ આવજ ને હેબિરયુચલ વોઇસ (નિત્ય નો / રોજિંદો અવાજ) કહેવાય છે.

સામાન્ય રીતે, બધીજ જાતિઓ માં બાળકો ના સ્વર ની શ્રેણી ૨૫૦ Hz અને ૫૦૦ Hz ની વચ્ચે ની હોય છે. આના કારણે જ્યારે કોઈ નાનું બાળક ફોને ઉપડે ત્યારે ઘણી વાર સાંભળનાર વ્યક્તિ માટે, તે છોકરો છે કે છોકરી, એ જાણવું અઘરું બની જાય છે, જેના કારણે એ પુખ્ત વય ના વ્યક્તિ થી, તે છોકરી ને છોકરા તરીકે અને તેનું ઊલટું સંબોધન કરવા ની શરમજનક ભૂલ થઈ જાય છે

### શું તમે પ્યુબર્ફોનિક છો ?

ઘણા પુરુષ કિશોરો કે જુવાન પુખતો, તરુણાવસ્થા પછી પણ, શરીર ના કોઈ અંગ માં કોઈ ખોડ ખાપણ કે રોગ ન હોવા છતાં, સતત ઉચ્ચ સ્વર વાળા અવાજ ધરાવે છે. આ અવસ્થા ને પ્યુબર્ફોનિયા કહેવાય છે.

### પ્યુબર્ફોનિયા ના કારણો :

- નવા અવાજ ને સ્વીકારવા માં કે તેની સાથે સમાયોજન કરવા માં તકલીફ પડવી
- લેરિંક્સ (સ્વર પેટી) નું અસફળ પુન:સ્થાપન

સાર માં, શરીર ના નવી લેરિંજીયલ જીઓમેટ્રી (લેરિંક્સ કે સ્વર પેટી ની ગોઠવણ) સાથે સમાયોજીત થવા ને બદલે, તે છોકરો અવાજ કાઢવા ની જૂની પદ્ધતિ નો જ ઉપયોગ કરે છે, એવી માન્યતા સાથે કે તેવું કરવા થી તરુણાવસ્થા દરમ્યાન તેના માં આવતા ફેરફારો માં ઘટાડો થશે. પ્યુબર્ફોનિયા ની સ્થિતિ વાળા વ્યક્તિઓ ઉચ્ચ સ્વર વાળા આવજો ધરાવે છે, જે તેઓ ની જતી (સ્ત્રી કે પુરુષ) અને શારીરિક દેખાવ માટે અનુચિત છે. તેઓ ને ભૂલ થી

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

છોકરીઓ સમજી લેવા ની શક્યતાઓ વધારે છે. આ ગેરસમજ માત્ર ટેલિફોન પર થતાં વાર્તાલાપો માં જ નહીં, પણ વાસ્તવિક જીવન માં પણ થઈ શકે છે, જ્યારે તેઓ ઘણી વાર અનિચ્છનીય ધ્યાન ના કેન્દ્રબિંદુ હોય છે. ઘણા યુવા પુરુષો માટે, પોતાના શારીરિક દેખાવ સાથે મેળ ન ખાતો હોય તેવા અવાજ સાથે જીવવું દુઃખદાયક હોય છે.

**જો પ્યુબર્ફોનિયા ની સ્થિતિ ની સારવાર ન કરવા માં આવે તો શું થાય ?**

સારવાર ન કરવા માં આવી હોય તેવી પ્યુબર્ફોનિયા ની વ્યકિતને નીચે જણાવેલ સ્થિતિઓ સંભવી શકે છે :

- નબળી પ્રેરણા
- નીચું આત્મસન્માન
- વિથડ્રોઅલ બિહેવિયર (એવી વર્તણૂક જેમાં તે વ્યક્તિ અપરિચિત લોકો, સ્થાનો અથવા પરિસ્થિતિઓ ને ટાળે છે)
- પુખ્ત વય ના યુવાન પુરુષો માં ડિપ્રેશન (હતાશા)

પ્યુબર્ફોનિયા ની સ્થિતિ ધરાવતા ઘણા તરુણો એવી ફરિયાદો કરે છે કે સામાન્ય રીતે સ્કૂલ માં તેઓ ગુંડાગીરી કે ચીડવવા નો ભોગ બને છે. પુખ્ત વય ના લોકો માં પ્યુબર્ફોનિયા ની નિરંતર સ્થિતિ ના કારણે તેઓ એ વિવિધ પડકારો નો સામનો કરવો, કારણ કે આવા ઉચ્ચ સ્વર વાળા અવાજ ને ઘણી વાર અવાસ્તવિક અને અવિશ્વસનીય માણવા માં આવે છે (વિચાર કરો વેચાણ કરતો કોઈ પુરુષ આવા અવાજ માં બોલે તો), જેના કારણે તે પુરુષ ના મન માં "મારૂ કોઈ જ સાંભળતું નથી" અથવા મને કોઈ મહત્વ નથી આપતું" જેવી ભાવનાઓ ઉત્પન્ન થવા લાગે છે, જે તેની કારકિર્દી ની પ્રગતિ ને અસર કરી શકે છે.

**પ્યુબર્ફોનિયા માટે ની સારવાર :**

- વોઇસ મોડ્યુલેશન થેરાપી
- ટાઈપ 3 ફોનોસર્જરી (થાયરોપ્લાસ્ટી)

**સૌજન્ય**

**ડૉ. હેમલ શાહ**
MBBS, MS (ENT)
**ઈ.એન.ટી. અને હેડ, નેક સર્જન**
(મો) +૯૧-૯૯૦૯૦૩૬૭૬૭
Email: hemal.shah@cimshospital.org

## સીમ્સ હોસ્પિટલ મેડિકલ ટીમમાં નવા ડૉક્ટરનો સમાવિષ્ટ

### સીમ્સ કેન્સરમાં નવા ડૉક્ટરનો સમાવિષ્ટ



**ડૉ. મહાવીર તડૈયા**
MBBS, MS, M.Ch
**ઓન્કો સર્જન**
મો. +91 99099 27664
mahavir.tadaiya@cimshospital.org

### સીમ્સ ઓર્થોપેડીકમાં નવા ડૉક્ટરનો સમાવિષ્ટ



**ડૉ. પાર્થ પારેખ**
MBBS, DNB
**Consultant Orthopaedic Foot & Ankle Surgeon**
મો. +91 97123 00124
parth.parekh@cimshospital.org



**ડૉ. પ્રવીણ સારદા**
FRCS (Trauma & Orthopaedics), UK
Fellow, European Board of Orthopaedics and Traumatology (FEBOT)
MBBS, MS (Ortho),
Dip. SICOT (Gold Medalist)
**ઓર્થોપેડીક સર્જન (ખભો અને કોણી)**
મો. +91 77420 89371
praveen.sarda@cimshospital.org

### સીમ્સ ન્યૂરો સર્જરીમાં નવા ડૉક્ટરનો સમાવિષ્ટ



**ડૉ. પ્રશાંત પટેલ**
MBBS, MS, DNB (Neuro Surgery)
M.Ch (Neuro Surgery)
**ન્યૂરો સર્જન**
મો. +91 98254 55595
prashant.patel@cimshospital.org

**એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો : +91 98250 66661, +91-79-3010 1008**

## સીમ્સ ઓર્થોપેડીક્સ

**નાનું પરિવર્તન, મોટો ફેરફાર**

ઓર્થોપેડીક્સ ની સમસ્યાઓથી બચો

- **સ્વસ્થ વજન જાળવી રાખો**
- **વધારે માં વધારે ચાલો**
- **યોગ્ય જૂતા પહેરો**
- **નિયમિત સ્વાસ્થ્ય ની તપાસ કરાઓ**



**અપોઈન્ટમેન્ટ માટે +91-79-3010 1008 | મોબાઈલ : +91-98250 66661**

# સીમ્સ હોસ્પિટલ

## જ્યારે ઈમરજન્સી, ત્યારે સીમ્સ

## યોગ્ય સારવાર, ઝડપી સારવાર



કોઈપણ પ્રકારની તાત્કાલિક સારવાર માટે 24 X 7 ઉપલબ્ધ

## ગુજરાતની સૌથી મોટી ઈમરજન્સી ટીમ માંની એક

| ઓર્થો - ટ્રોમા અને પોલી ટ્રોમા | ન્યૂરો સર્જરી | ક્રિટીકલ કેર | વાસ્કયુલર અને થોરાસીસ સર્જરી | મેકિસલોફેશીયલ અને પ્લાસ્ટીક સર્જરી | જનરલ સર્જરી અને એબ્ડોમીનલ ટ્રોમા |
|---|---|---|---|---|---|
| ડૉ. પ્રણવ એ. શાહ | ડૉ. દેવેન ઝવેરી | ડૉ. ભાગ્યેશ શાહ | ડૉ. પ્રણવ મોદી | ડૉ. વત્સલ કોઠારી | ડૉ. જીગર શાહ |
| ડૉ. કૃણાલ પટેલ | ડૉ. ટી.કે.બી. ગણપથી | ડૉ. વિપુલ ઠક્કર | ડૉ. સૃજલ શાહ (વિઝીટીંગ) | ડૉ. રીધમ મહેતા | ડૉ. ચિરાગ શાહ |
| ડૉ. સમીપ શેઠ | ડૉ. પ્રશાંત પટેલ | ડૉ. ગૌતમ પ્રજાપતિ | **ઈન્ફેકશીયસ ડીસીઝ** | ડૉ. અંકિતા મીઢા | ડૉ. મનિષ ગાંધી (ઉા સર્જરી) |
| | ડૉ. પૂર્વ પટેલ (વિઝીટીંગ) | | ડૉ. સુરભી મદન | | |

**એમ્બ્યુલન્સ : +91-98 24 45 00 00 | ઈમરજન્સી : +91-97 23 45 00 00 | 24 X 7 મેડીકલ હેલ્પ લાઈન +91-70 69 00 00 00**

# સીમ્સ ન્યૂરોસાયન્સ



**દર્દ સામે ઝુકશો નહી**

**સુરક્ષિત સ્પાઈન સર્જરી - સીમ્સ હોસ્પિટલ**

આશરે ૪૫% લોકો પીઠના દુખાવા ને ૭ અઠવાડિયા સુધી ધ્યાનમાં લેતા નથી, જેના કારણે સારવાર મોડી થાય છે.

**અપોઈન્ટમેન્ટ માટે +91-79-3010 1008**
**મોબાઈલ : +91-98250 66661**

CIMS News
Care & Cure
Volume-10 | Issue-107 | June 25, 2019

CIMS
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

**CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100**
**Published 25th of every month**
**Registered under Postal Registration No. GAMC-1813/2017-2019 valid upto 31st December, 2019**
**issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month**
**Licence to Post Without Prepayment No. CPMG/GJ/102/2017-2019 valid upto 31st December, 2019**

**If undelivered Please Return to**

**CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
Phone : +91-79-2771 2771-72
Mobile : +91-98250 66664, +91-98250 66668

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-3010 1059 / 3010 1060. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

**Care At Homes**
home health @ your doorstep
A UNIT OF CIMS HOSPITAL PVT LTD

**હેલ્થ ને પસંદ કરો, આરામ કરો**

**તમારા હેલ્થ માટે શ્રેષ્ઠ પેકેજ પસંદ કરો**



**દર્દીની સંપૂર્ણ માહિતી ફક્ત એક જ ક્લિકમાં મળશે.**

**મહિનાનું પેકેજ**

| | |
|---|---|
| ₹ 2,999 ~~₹ 5,998~~ | નર્સ : સાપ્તાહિક વિઝીટ<br>ડૉક્ટર : મહિનામાં એક વાર |
| ₹ 4,999 ~~₹ 9,999~~ | નર્સ : સાપ્તાહિક વિઝીટ<br>ડૉક્ટર : મહિનામાં એક વાર<br>કપલ પેકેજ |

**વાર્ષિક પેકેજ**

| | |
|---|---|
| ₹ 10,999 ~~₹ 21,998~~ | નર્સ : ૨ વિઝીટ મહિનાની |
| ₹ 19,999 ~~₹ 39,998~~ | નર્સ : ૨ વિઝીટ મહિનાની<br>ડૉક્ટર : ૧ વિઝીટ (દર ૨ મહિનાને) |
| ₹ 29,999 ~~₹ 59,998~~ | નર્સ : ૨ વિઝીટ મહિનાની<br>ડૉક્ટર : ૧ વિઝીટ મહિનાની |

**ડૉક્ટર વિઝીટ**
- દર્દીનું પરીક્ષણ સાથે વાઈટલ તપાસ
- (બી.પી., ધબકારા, ઓક્સિજન, તાપમાન, સુગર)
- સારવાર કરી રહેલ ડૉક્ટરને દર્દીની સ્વાસ્થ્ય અંગે માહિતીગાર કરવામાં આવશે

**નર્સ વિઝીટ**
- વાઈટલ તપાસ (બી.પી., ધબકારા, ઓક્સિજન, તાપમાન, સુગર)
- પીલ બોક્સમાં દવા રીફીલ કરવી (દર ૭/૧૫ દિવસોમાં)
- સારવાર કરી રહેલ ડૉક્ટરને દર્દીની સ્વાસ્થ્ય અંગે માહિતીગાર કરવામાં આવશે

**ફિઝીયોથેરાપી વિઝીટ**
- ફિઝીયોથેરાપીની સેવાઓ ઘરબેઠા મેળવો

**ડાયટીશીયન વિઝીટ**
- પોષણયુક્ત ખોરાક માટેની જાણકારી તથા તેને લગતા પ્રશ્નોનો માર્ગદર્શન પુરુ પાડવામાં આવશે.

**ઘરબેઠા દવાઓ મેળવો**
- ગુણવત્તા યુક્ત દવાઓ
- દવાઓ અને મેડીકલ સાધનો, દર્દી અને દર્દીના સગા-સંબંધીઓ માટે ડિસ્કાઉન્ટમાં મળશે. **કોઈ ડિલીવરી ચાર્જ વગર**

**ઘરબેઠા બ્લડ (રક્ત) ની તપાસ**
- બ્લડ (રક્ત) ની તપાસ, દર્દી અને દર્દીના સગા-સંબંધીઓ માટે ડિસ્કાઉન્ટમાં મળશે. **બ્લડ કલેક્શન કોઈપણ ચાર્જ વગર**

**તમામ દર્દીના રીપોર્ટ અને દર્દીની કંડીશન નિયમિત પણે જાણ કરવામાં આવશે.**

**ઓફર માત્ર પ્રથમ ૧૦૦ રજીસ્ટ્રેશન માટે છે.**

**ફિઝીયોથેરાપીસ્ટ અને ડાયટીશીયન વિઝીટ બધા પેકેજમાં નિ:શુલ્ક છે.***

*શરતો આધિન

**વધુ જાણકારી માટે : +91-79-3010 2326 (M)+91-90990 67988**

**દર્દી હંમેશા પહેલા**

CIMS Hospital : Regd Office: Plot No.67/1, Opp. Panchamrut Bunglows, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad - 380060.
Ph. : +91-79-2771 2771-72 Fax: +91-79-2771 2770.
CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.org | www.cims.org

**Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital**
**Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.**
**Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.**